ફક્ત ઓફીસ હેતુ માટે

ટેન્ડર ફોર્મ ફી | રૂ. ૧૫૦૦/- |                ટેન્ડર ફોર્મ નંબર: | |

ટેન્ડર ફોર્મ ઇસ્યુ કરનારની સહી:

તારીખ:

---

*લીમડા, બાવળ, સમળા, ઇગોરા, બોર અને કેશિયા ના ઉભા ઝાડના વેચાણ અંગેનું ટેન્ડર ફોર્મ*

ઈએમડી/સિક્યુરીટી ડીપોઝીટની રકમ: રૂ. ૧૪,૦૦૦/-

રજીસ્ટર પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટથી ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ: ૧૧/૦૧/૨૦૨૧

ટેન્ડર ફી (નોન રીફંડેબલ)

વેબસાઈટ ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરનાર પાર્ટીએ ફોર્મ ફી (નોન રીફંડેબલ)પેટે રૂ. ૧૫૦૦=૦૦ નો " AAU Fund Account " Payable at Anand ના નામનો ક્રોસ કરેલ ડીમાન્ડ ડ્રાફ્ટ અલગથી ટેન્ડર સાથે જોડવો.

## કચેરીનું સરનામુ


નર્મદા પિયત સંશોધન યોજના

આણંદ કૃષિ યુનિવર્સિટી

ખાંધા-૩૯૧૨૪૦

પોસ્ટ. હાંડોદ, તા. કરજણ, જિ. વડોદરા

ફોન નંબર: (૦૨૬૬૬) ૨૨૦૨૭૪

ઈ-મેઈલ: nirp@aau.in

૧. ભાવ ભરનાર/ આપનાર પાર્ટીની વિગત:-

| અ.નં. | વિગત | |
|---|---|---|
| ૧ | ભાવ ભરનાર/ આપનાર પાર્ટીનું નામ | |
| ૨ | પૂરેપૂરૂં સરનામું | |
| ૩ | મોબાઈલ નંબર/ટેલીફોન નંબર | |
| ૪ | ઈ-મેઈલ આઈડી | |
| ૫ | જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબર | |
| ૬ | પાન કાર્ડ નંબર (નકલ સામેલ કરવી) | |
| ૭ | આધાર કાર્ડ નંબર (નકલ સામેલ કરવી) | |

૨. ઈએમડી/સિક્યુરીટી ડીપોઝીટની ની વિગત :-

| ટેન્ડર ફી માટે | | ઈએમડી/સિક્યુરીટી ડીપોઝીટ માટે | |
|---|---|---|---|
| ડી. ડી. નંબર :- | | ડી. ડી. નંબર :- | |
| બેંકનું નામ :- | | બેંકનું નામ :- | |
| રકમ :- | | રકમ :- | |
| તારીખ :- | | તારીખ :- | |

૩. ભાવની વિગત (લીમડા, બાવળ, સમળા, ઇગોરા, બોર અને કેશિયાના ઝાડને ને કાપીને મૂળ સાથે ખેતરમાંથી જડીયા દૂર કરી વેચાણ કરવાના ભાવ):

| ઝાડની વિગત | નંગ | ભાવની રકમ (રૂ.) | ભાવ શબ્દોમાં |
|---|---|---|---|
| લીમડા | ૦૮ | | |
| બાવળ | ૧૮ | | |
| સમળા (ખીજડા) | ૨૦ | | |
| ઇગોરા | ૦૪ | | |
| બોર | ૦૨ | | |
| કેશિયા | ૦૨ | | |
| કુલ ઝાડ | ૫૪ | | |

ટેન્ડરની શરતો મેં વાંચી છે, હું સંપૂર્ણ સમજયો છું,સદર શરતો મને કબુલ મંજુર છે અને મને બંધનકર્તા રહેશે.

ટેન્ડર ભરનારની સહી

(નામ અને સિક્કો)

# નર્મદા પિયત સંશોધન યોજના
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# ખાંધા-૩૯૧૨૪૦

## *લીમડા, બાવળ, સમળા, ઇગોરા, બોર અને કેશિયા ના ઉભા ઝાડના વેચાણ અંગેની શરતો અને બોલીઓ*

જય ભારત સાથે જણાવવાનુ કે અત્રેના નર્મદા પિયત સંશોધન યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા ખાતે આવેલ ઝાડો જેવા કે, લીમડા-૦૮, બાવળ-૧૮, સમળા(ખીજડા) -૨૦, ઇગોરા-૦૪, બોર-૦૨ અને કેશિયા-૦૨ મળી કુલ ૫૪ નંગ ઝાડને કાપીને મૂળ સાથે ખેતરમાંથી જડીયા દૂર કરી વેચાણ કરવા માટેની શરતો અને બોલીઓ નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧ | લીમડા-૦૮, બાવળ-૧૮, સમળા(ખીજડા) ૨૦, ઇગોરા-૦૪, બોર-૦૨ અને કેશિયા-૦૨ મળી કુલ ૫૪ નંગ ઝાડને ને કાપીને મૂળ સાથે ખેતરમાંથી જડીયા દૂર કરી વેચાણ કરવાના ભાવ આપવાના રહેશે. |
| ૨ | બધા ઝાડ મૂળીયા અને જડીયા સાથે ખેતરની બહાર કાઢીને લઇ જવાના રહેશે તથા ખોદેલ ઝાડના ખાડા તુરંત જ પૂરી આપવાના રહેશે. જો ખાડા પાર્ટી દ્વારા પૂરવામાં આવશે નહી તો વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ડીપોઝીટમાંથી ખાડા પૂરવાની મજૂરીની રકમ કાપવામાં આવશે. |
| ૩ | અત્રેની કચેરી સમય **સવારે ૮.૩૦ થી સાંજે ૧૭.૩૦** કલાક દરમ્યાન બધાજ ઝાડ જોઇ તપાસીને ઇજારદારે પોતાના નામથી ભાવપત્રક ભરવાના રહેશે. |
| ૪ | નિયત ટેન્ડર ફોર્મ તથા શરતો નર્મદા પિયત સંશોધન યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા ની કચેરીમાંથી રોકડા રૂ.૧૫૦૦/- (નોન-રીફંડેબલ) ભરવાથી મળી શકશે. વેબસાઈટ ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરનાર પાર્ટીએ ફોર્મ ફી **(નોન રીફંડેબલ)**પેટે રૂ. ૧૫૦૦=૦૦ નો " AAU Fund Account " Payable at Anand ના નામનો ક્રોસ કરેલ ડીમાન્ડ ડ્રાફટ ફોર્મ સાથે મોકલવાનો રહેશે. **ટેન્ડર ફોર્મ લેવાની છેલ્લી તારીખ ૯.૦૧.૨૦૨૧ છે.** |
| ૫ | ટેન્ડર ફી પેટેના રૂ. ૧૫૦૦=૦૦ પરત આપવામાં આવશે નહી તથા ટેન્ડર ફી વગરનું ફોર્મ રદ કરવામાં આવશે. |
| ૬ | ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ ઇ.એમ.ડી./સિક્યુરીટી ડિપોઝીટની રકમ **રૂ. ૧૪,૦૦૦/-** (રીફંડેબલ) ભરવાની રહેશે. જે **" AAU Fund Account " Payable at Anand ના નામનો ક્રોસ ડીડી** કઢાવી ટેન્ડર ફોર્મ સાથે જોડવાનો રહેશે. ઇ.એમ.ડી/સિક્યુરીટી ડિપોઝીટ વગરનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. |
| ૭ | **કવર ઉપર "લીમડા, બાવળ, સમળા, ઇગોરા, બોર અને કેશિયા ના ઝાડના ટેન્ડર ભાવ"** એમ સ્પષ્ટ લખવું જરૂરી છે. ભાવપત્રકો ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી **તા.૧૧/૦૧/૨૦૨૧** સાંજના ૧૭.૩૦ વાગ્યા સુધીમાં યુનિટ અધિકારીશ્રી, નર્મદા પિયત સંશોધન યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા-૩૯૧૨૪૦, પોસ્ટ. હાંડોદ, તા. કરજણ, જિ. વડોદરાના સરનામે મળી જાય તે રીતે મોકલવાના રહેશે. નિર્ધારીત સમય બાદ આવેલ ભાવપત્રક રદબાતલ ગણવામાં આવશે. |
| ૮ | ઝાડના ભાવ મંજુર થયે જેતે ઇસમને અત્રેની કચેરી દ્વારા તુરંત જ જાણ કરવામાં આવશે તથા **મંજુર થયેલ ભાવની કુલ રકમના નાણા દીન-૫ માં અત્રેની કચેરીમાં કચેરી સમય દરમ્યાન ભરપાઇ કરવાના રહેશે.** ત્યારબાદ ઝાડ કાપવાની કામગીરી શરુ કરવાની રહેશે. સમય મર્યાદામાં નાણાં ભરપાઇ કરવાના બાકી રહેશે તો બીજા ક્રમે આવતી પાર્ટીને ઇજારો સોપવામાં આવશે. જો કોઇ ઇસમ જાણી બુઝીને કોટેશનમાં ઉચા ભાવ ભરી પાછળથી સમય મર્યાદામાં મંજૂર થયેલ નાણાં ભરશે નહી તેવા ઇસમને બ્લેક લીસ્ટમાં મૂકવામાં આવશે. |
| ૯ | નાણાં વસુલાત બાબતની તમામ પ્રકારની સત્તા યુનિટ વડાશ્રી, નર્મદા પિયત સંશોધન યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધાને આધિન રહેશે. આ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો યુનિટ વડાશ્રી દ્વારા મંજુર કરેલ ભાવપત્રક રદ કરી અન્ય ઇજારદારને સોંપી શકશે. |
| ૧૦ | કચેરીમાં નાણાં ભર્યા પછી ઝાડનો હવાલો સંભાળવાનો રહેશે. હવાલો સંભાળ્યા બાદ ઝાડ સાચવવાની જવાબદારી ઝાડના ભાવ મંજુર થયેલ ઇસમની રહેશે. ચોરી વિગેરે થાય તો કચેરીની કોઇ જ જવાબદારી રહેશે નહી. |

| | |
|---|---|
| ૧૧ | ભાવપત્રક મંજુર કરવા કે ના કરવા તેની આખરી તમામ સત્તા નર્મદા પિયત સંશોધન યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધાને અબાધિત રહેશે. |
| ૧૨ | નક્કી કરેલા ઝાડ જ કાપી શકાશે તથા અન્ય ઝાડ કાપી શકાશે નહી. ફાર્મ માં અન્ય ઝાડ કે માલ મિલકતને નુક્શાન કરી શકાશે નહી. જો ફાર્મ કે કેન્દ્રની અન્ય માલમિલકતને નુક્શાન કરતા માલુમ પડશે તો યુનિટ વડાશ્રી, નર્મદા પિયત સંશોધન યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા દ્વારા નિમણુંક કરેલ કમિટી દ્વારા નુક્શાન પેટે જે રકમ નક્કી કરશે તે ઇજારદારને સંપૂર્ણ બંધનકર્તા રહેશે. |
| ૧૩ | ઇજારા દરમ્યાન કોઇપણ બાબતનો વાદ-વિવાદ કે ઝગડો થાય તો તેનો આખરી નિર્ણય યુનિટ વડાશ્રી, નર્મદા પિયત સંશોધન યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા જે નક્કી કરશે તે ઇજારદારને બંધનકર્તા રહેશે |
| ૧૪ | ઇજારદારે કામ માટે રોકેલ માણસોના નામની યાદી સરનામાં તથા મોબાઇલ નંબર સાથે અત્રેની કચેરીને સોપવાના રહેશે. આ સિવાયના કોઇ પણ અસામાજીક તત્વોને પ્રવેશ મળશે નહી. |
| ૧૫ | **ઝાડનો હવાલો સંભાળ્યા બાદ ૨૦ દિનમાં કામ પૂર્ણ કરવાનું રહેશે ત્યારબાદ સ્થાન છોડવાનું રહેશે** અને આ કામ બાબતે કચેરી ખાતે કોઇ જ દખલ કરવાની રહેશે નહી. ફાર્મમાં કોઇ જગ્યાએ પ્લાસ્ટીક કે અન્ય પદાર્થનો કચરો નાખવો નહી તેની ખાસ કાળજી રાખવી અન્યથા દંડ વસુલવામાં આવશે.. |
| ૧૬ | વિપરીત વાતાવરણ/વાવાઝોડા વગેરે કુદરતી આફતને કારણે ઝાડને નુકશાન થશે તેની કોઇ પણ જાતની જવાબદારી અત્રેની કચેરી કે યુનિવર્સિટીની રહેશે નહી. |
| ૧૭ | કરાર ભંગ લવાદી રાહે નિકાલ કરવાનો રહેશે. જેની જવાબદારી ભાવપત્રક ભરનાર ઇજારદારની રહેશે. |
| ૧૮ | આ કામ બાબતે અત્રેની કચેરી પાસેથી કોઇ જ પ્રકારની સગવડની અપેક્ષા રાખવી નહી. |
| ૧૯ | કાપેલ ઝાડોના લાકડા ચાલુ ઓફીસ સમય દરમ્યાન (સવારે ૮.૩૦ થી સાંજના ૧૭.૩૦ કલાક સુધી) ગેટ પાસ મેળવીને લઈ જવા દેવામાં આવશે. વધુમાં ઝાડ નિકાલ તથા પરિવહન માટે જરૂરી સરકારી મંજૂરીઓ ઈજારદારે લેવાની રહેશે. |
| ૨૦ | ભરેલ ઇ.એમ.ડી./સિક્યુરીટી ડિપોઝીટની રકમ સંપૂર્ણ કામગીરી પૂર્ણ થયા બાદ અસલ રસીદ રજૂ કર્યેથી પરત કરવામાં આવશે. |

**યુનિટ અધિકારી**
**નર્મદા પિયત સંશોધન યોજના,**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા**

**ટેન્ડરની શરતો મેં વાંચી છે, હું સંપૂર્ણ સમજયો છું,સદર શરતો મને કબુલ મંજુર છે અને મને બંધનકર્તા રહેશે.**

**તારીખ:** **પાર્ટીનું નામ અને સહી:**

**સ્થળ:**

**સરનામું:**

# જાહેરાતની વિગત

૧. દૈનિક અખબાર: દિવ્ય ભાસ્કર (વડોદરા આવૃત્તિ)

૨. તારીખ: ૨૩/૧૨/૨૦૨૦ (બુધવાર)

૩. પાન નં.: ૧૧

## જાહેર નિવિદા

નર્મદા પિયત સંશોધન યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા ખાતે આવેલ ઝાડો જેવા કે, લીમડા-૦૮, બાવળ-૧૮, સમળા(ખીજડા)-૨૦, ઇગોરા-૦૪, બોર-૦૨ અને કેશિયા-૦૨ મળી કુલ ૫૪ નંગ ઝાડને કાપીને મૂળ સાથે ખેતરમાંથી જડીયા દૂર કરી વેચાણ કરવાના હોવાથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેના જરૂરી શરતો અને બોલીઓ દર્શાવતું ટેન્ડર જાહેરાતની તારીખથી જાહેર રજાના દિવસો સિવાય અત્રેની કચેરીના સમય (૮.30 થી ૧૭.30 કલાક) દરમ્યાન રૂા. ૧૫00=00 (નોન-રીફંડેબલ) રોકડા ભરી મેળવી લેવું અથવા વેબસાઈટ www.aau.in ઉપર થી ડાઉનલોડ કરી ટેન્ડર ફોર્મની ફી પેટે રૂા. ૧૫00=00 (નોન- રીફંડેબલ) નો "AAU Fund Account" Payable at Anand નો ક્રોસ કરેલ ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મના કવર ઉપર "લીમડા, બાવળ, સમળા, ઇગોરા, બોર અને કેશિયા ના ઝાડના ટેન્ડર ભાવ" એમ લખી તા.૧૧/0૧/૨0૨૧ ના રોજ ૧૭.00 કલાક સુધીમાં અત્રેની કચેરીને મળે તે રીતે ફક્ત રજી. પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવા વિનંતી.

તા.૨૩.૧૨.૨૦૨૦ સહી/-

યુનિટ અધિકારી

નર્મદા પિયત સંશોધન યોજના આણંદ કૃષિ યુનિવર્સિટી

ખાંધા-૩૯૧૨૪૦ પોસ્ટ: હાંડોદ, તા. કરજણ, જિ. વડોદરા

ફોન: 0૨૬૬૬ (૨૨0૨૭૪) **(માહિતી-વડો-૧૦૧૨-૨૦૨૦-૨૧)**